# ‘સદ્ભિઃ સંગ:’માં પ્રગટતી સમાજચેતના, માનવચેતના અને શિક્ષણચેતના

પંકજ જ. વાઘેલા,
શિક્ષણ સહાયક, સરદાર પટેલ વિદ્યાલય,
બામણગામ-ગંભીરા, આણંદ, ગુજરાત (ભારત)

સારાંશ :

'દર્શક' રચિત 'સદ્ભિઃ સંગ:' (૨૦૦૫, પુનઃ મુદ્રણ) એ ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા અને ગ્રામ વિદ્યાપીઠ : સણોસરાના જન્મ, વિકાસ અને ઇતિહાસની ઘડતરકથા છે. ૨૮૩ પૃષ્ઠમાં સમાયેલ આ ગ્રંથમાં શિક્ષણના પ્રયોગોની ફૂલગૂંથણીની મંગલગાથા પણ સમાયેલી છે. આ પુસ્તકમાં દર્શકે શૈક્ષણિક સંસ્થાઓની ગતિવિધિઓના સબળા પાસાંઓની સાથે સંસ્થાની ઊણપો, નબળાઈઓ અને નિષ્ફળતાઓનો સુપેરે પરિચય કરાવ્યો છે. પુસ્તકના અંતમાં એમણે શિક્ષણક્ષેત્રે જ નહીં, સંપૂર્ણ સમાજજીવનમાં વર્તાતાં એંધાણો તરફ પણ આંગળી ચીંધી છે.

પારિભાષિક શબ્દો : શિક્ષણના પ્રયોગો, શૈક્ષણિક સંસ્થાઓ, સમાજજીવન

**પ્રસ્તાવના :**

ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના સાહિત્યકાર એવા મનુભાઈ પંચોળી 'દર્શક'(૧૯૧૪-૨૦૦૧) બહુમુખી પ્રતિભા (સત્યના પૂજારી, હાડોહાડ શિક્ષક, લોહીમાં સર્જકત્વ, રાજનીતિની ઊંડી કોઠાસૂઝ, ઇતિહાસના મર્મજ્ઞ અને વર્તમાનના શિલ્પી) ધરાવનાર વિરલ વ્યક્તિત્વ છે. દર્શકની સાહિત્યોપાસના એ એમના ઊર્ધ્વગામી જીવનની ઉપાસનાના આવિષ્કારરૂપે હોય તેવું લાગે છે. આવું સત્ત્વવંતુ સાહિત્ય સર્જવાનો પ્રશસ્ય ઉદ્યમ કરનાર દર્શકના આ ‘સદ્ભિઃ સંગ:’ પુસ્તકમાંથી સમાજચેતના, માનવચેતના અને શિક્ષણચેતનાનો અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખેલ છે.

**સંશોધનના હેતુઓ :**

(૧) ‘સદ્ભિઃ સંગ:’માં નિરૂપિત સામાજિક ચેતનાનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.
(૨) ‘સદ્ભિઃ સંગ:’માં આલેખિત માનવીય ખ્યાલોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.
(૩) ‘સદ્ભિઃ સંગ:’માં આલેખિત શિક્ષણ વિચારોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**


(૧) ‘સદ્ભિઃ સંગ:’માં નિરૂપિત સામાજિક ચેતના કેવી હશે ?
(૨) ‘સદ્ભિઃ સંગ:’માં આલેખિત મનુષ્યવિષયક ખ્યાલો કેવા હશે ?
(૩) ‘સદ્ભિઃ સંગ:’માં આલેખિત શિક્ષણ અંગેના વિચારો કેવા હશે ?


**‘સદ્ભિઃ સંગ:’ માં વ્યક્ત થતું સામાજિક, માનવીય અને શૈક્ષણિક ચૈતન્ય :**

સમાજ, મનુષ્ય અને શિક્ષણ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા છે. જેમાં શિક્ષણ એ મનુષ્યની આંતરચેતનાઓને ઉજાગર કરી સમાજને સુસંસ્કૃત બનાવે છે. કુલ ૦૩ વિચાર વિભાગોમાં વિભાજિત કરેલ ૧૭ વિચાર એકમોની વહેંચણી અને પ્રમાણ આલેખ-ક અને પાઈચાર્ટ-કમાં દર્શાવેલ છે.

વિચાર એકમોની વહેંચણી દર્શાવતો
આલેખ - ક

વિચાર એકમોનું પ્રમાણ દર્શાવતો
પાઈચાર્ટ - ક




'સદ્દભિઃ સંગઃ' પુસ્તકના દ્વિતીય વાચન દરમિયાન પ્રાપ્ત થયેલ સમાજચેતના, માનવચેતના અને શિક્ષણચેતનાવિષયક કુલ ૧૭ વિચાર એકમોનું વિશ્લેષણ અને અર્થઘટન નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

| ક્રમ | વિચાર એકમો | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | સમાજચેતના :<br>નવો સમાજ રચવા માટે નવા મગજવાળા માણસો જોઈએ. (પૃ. ૮૮) | નવા માણસો દ્વારા સમાજરચના |
| ૨ | આંતરનિયમનનો રસ અને ટેવ ઊછરતી પેઢીને અપાય તો જે સમાજ પરિવર્તન થયું હોય કે કરવું હોય તે સ્થાયી થાય.(પૃ.૧૦૪) | આંતરનિયમન, ઊછરતી પેઢી, સમાજ પરિવર્તન |
| 3 | આદર્શ સમાજ અને આદર્શ વ્યક્તિ ભૂમિતિના બિંદુ સમાન છે. (પૃ.૧૪૧ ) | આદર્શ સમાજ અને આદર્શ વ્યક્તિ |
| ૪ | સમાજના લાભો લેવા અને સમાજ પ્રત્યેની ફરજો ન બજાવવી તે એક પ્રકારનું શોષણ જ છે. (પૃ.૧૪૧ ) | સામાજિક લાભો તેમજ ફરજો |
| ૫ | નિર્બંધ સ્વાતંત્ર્ય તો સમાજમાં શક્ય નથી, પણ એકંદરે નાગરિકોનું સ્વાતંત્ર્ય વધારવું જોઈએ. (પૃ.૧૮૬) | નાગરિકોનું સ્વાતંત્ર્ય |
| ૬ | સમાજ રચાયો ત્યારથી સ્વતંત્રતા અને વ્યવસ્થા વચ્ચે ગજગ્રાહ ચાલ્યા કર્યો છે. (પૃ.૧૮૬) | સ્વતંત્રતા અને વ્યવસ્થા વચ્ચે ગજગ્રાહ |
| ૭ | માનવચેતના :<br>મૂળે તો માણસ પોતાના ઉછેર, આનુવંશિકતા, વાતાવરણ મુજબ બહુધા નિર્ણયો લેતો હોય છે.<br>(પૃ.૬૨ ) | મનુષ્યની નિર્ણયપ્રક્રિયા |
| ૮ | અસાધારણ માણસ વાતાવરણ સર્જે છે. (પૃ.૬૩) | અસાધારણ માણસ વાતાવરણનો સર્જક |
| ૯ | માણસ અપકાર ભૂલતો નથી, પરંતુ ઉપકાર ભૂલી જાય છે. (પૃ.૬૪) | અપકાર નહિ, ઉપકાર ભૂલતો માણસ |
| ૧૦ | એક્તામાં વિવિધતા અને વિવિધતામાં એક્તાની વાત કરવા છતાં શુદ્ધવિચારની શોધમાં માણસો એકતાના જ આશક બની જાય છે. (પૃ.૧૪૩) | એકતામાં વિવિધતા, વિવિધતામાં એક્તા, શુદ્ધ વિચારની શોધ |
| ૧૧ | માણસને પૂરેપૂરો ઓળખવો મુશ્કેલ છે. (પૃ.૧૫૪) | મનુષ્ય અભ્યાસ |
| ૧૨ | સંસારનો ઉગારો મોટા માણસોથી થાય છે, પણ તેનો ઉછેર સારા માણસોથી થાય છે.( પૃ.૨૪૫) | સંસારનો ઉગારો - ઉછેર |
| | માણસ પરિવારપ્રિય જીવ છે. (પૃ.૨૭૮) | પરિવારપ્રિય જીવ |

| | | |
|---|---|---|
| ૧૩ | | |
| ૧૪ | શિક્ષણચેતના :<br>દરેક સાચી કેળવણીનો સનાતન યુગધર્મ હોય છે. (પૃ.૩૨) | સનાતન યુગધર્મ |
| ૧૫ | શિક્ષણ મહંદશે સામાજિક હોવું જોઈએ. (પૃ.૩૨) | સમાજશિક્ષણ |
| ૧૬ | કોઈપણ સમાજના પરિવર્તનની સફળતા માટે શિક્ષણના ધ્યેયો પર નવેસરથી નજર નાંખવી અનિવાર્ય છે. (પૃ.૧૦૪) | શિક્ષણના ધ્યેયો પર પુનઃવિચાર |
| ૧૭ | શિક્ષણમાં સાધનશુદ્ધિ અને વિકેન્દ્રીકરણને પ્રમાણિકતા, સ્વાતંત્ર્યપુષ્ટિ અને સ્વાયત્તતાનું નામ અપાય છે. (પૃ.૧૮૫) | સાધનશુદ્ધિ અને વિકેન્દ્રીકરણ, પ્રમાણિકતા, સ્વાયત્તતા, સ્વાતંત્ર્યપુષ્ટિ |

'સદ્દભિઃ સંગઃ' પુસ્તકમાં 'દર્શક' સમાજનું નવનિર્માણ કરવા માટે 'નવા મગજવાળા માણસો'ની જરૂરિયાતોનો નિર્દેશ કરે છે. આવા માણસો સમાજની કાયાપલટ કરીને ન્યાયી અને ક્ષમતાલક્ષી સમાજની સ્થાપના કરે છે. વૈજ્ઞાનિક માનસવાળા આવા ચાવીરૂપ માણસો નવા સમાજની રચના માટે ઉપયોગી પૂરવાર થાય છે. ખાસ કરીને નવી યુવા પેઢી આંતરનિયમન પ્રત્યે રસ દાખવતી થાય તો તે સામાજિક ઉત્થાન કરવા પ્રેરાય અને સામાજિક પરિવર્તનમાં અગ્રેસર બને છે. જ્યારે વ્યક્તિનું સામાજિકીકરણ થાય છે ત્યારે વ્યક્તિમાં સામાજિક કાર્યદક્ષતા વિકસે છે. માટે દર્શક આદર્શ સમાજ અને આદર્શ વ્યક્તિને 'ભૂમિતિના સમાન બિંદુ' માને છે. આદર્શ વ્યક્તિ કે સમાજના અસ્તિત્વથી ઓછામાં ઓછી ગ્રન્થિ બંધાય છે. ક્યારેક બંધાય પણ સમજ આવે ત્યારે છોડી દે છે.

'સામાજિક લાભો અને ફરજો' શબ્દાવલી સ્પષ્ટ કરે છે કે, સમાજમાં વ્યક્તિએ સ્વકેન્દ્રી બનીને માત્ર સામાજિક લાભોને જ કેન્દ્રમાં રાખવાના નથી, પણ તેણે સ્વકેન્દ્રીપણાંમાંથી બહાર આવી અને પરકેન્દ્રી બનીને સંવેદનશીલતા દાખવવાની છે. અન્ય પ્રત્યે ચિંતાઓ કરવાની છે. ત્યારે જ માનવીય સંબંધો I -Itથી આગળ વધીને I -Thou તરફ આગળ વધે છે. વ્યક્તિને સમાજમાં એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા 'નાગરિક સ્વાતંત્ર્ય' મળવું આવશ્યક છે. વ્યક્તિને વિચાર સ્વાતંત્ર્ય, કાર્ય સ્વાતંત્ર્ય તેમજ નિર્ણય સ્વાતંત્ર્ય મળવાથી તેનું વ્યક્તિત્વ સુગ્રથિત બને છે. વિચાર એકમ-૬ સ્પષ્ટ કરે છે કે, સમાજરચના પછી સ્વાતંત્ર્ય અને વ્યવસ્થા વચ્ચે સંઘર્ષો શરૂ થાય છે. કારણ કે, વ્યવસ્થા એક ચુસ્ત માળખાકીય ધારાધોરણોથી બંધાયેલી હોય છે. જ્યારે સ્વાતંત્ર્ય એ સમયે સમયે સમાજરચનામાં બદલાવ ઈચ્છે છે, કાર્યમાં પ્રવાહિતાને મહત્ત્વ આપે છે.

જિંદગીના કિનારે ઊભેલો માણસ, પ્રેમની નાવમાં બેસીને બીજા માણસના હૈયા સુધી પહોંચે તો તેનું માણસપણું સાર્થક થાય ! પહેલા તો પોતાની જાતમાં અને પછી વિશ્વમાં વિશ્વાસ જાગે ત્યારે માણસ તરી જાય છે. 'મનુષ્યની નિર્ણયપ્રક્રિયા' શબ્દાવલી સ્પષ્ટ કરે છે કે, મનુષ્યની નિર્ણયપ્રક્રિયા ઉપર ઉછેર, આનુવંશિકતા, વાતાવરણ અસર કરે છે. મનુષ્ય આ બધા પરિબળોના આધારે મોટાભાગના નિર્ણયો લેતો હોય છે. જેને માટે એ પોતે ઓછો જવાબદાર હોય છે, પ્રશ્ન તેની સમજ બદલવાનો છે. દર્શકના મતે અસાધારણ વ્યક્તિત્વ ધરાવનારી વ્યક્તિ જ સુસંવાદી વાતાવરણનું સર્જન કરે છે. અને સાધારણ માણસો એ સુસંવાદી વાતાવરણને ઝીલે છે. યોગ્ય વાતાવરણના પ્રતાપે સાધારણ માણસો દુઃખોને પચાવી શકે છે, ફાંસીને માંચડે ચડી શકે છે. વિચાર એકમ-૧૦ સ્પષ્ટ કરે છે કે, વ્યક્તિ જીવનની મૂળ પ્રતિબદ્ધતાઓ ભૂલી જાય છે. પોતાના અંગત સ્વાર્થના કારણે તે આત્મકેન્દ્રી વધુ હોવાથી ઉપકાર ભૂલી જાય છે, પરંતુ તેની સાથે થયેલા અપકારોને તે ક્યારેય ભૂલતો નથી.

શુદ્ધવિચારની શોધમાં નીકળેલા માણસો અંતે એકતાના જ આશક બની જાય છે. એકતાને જ પ્રાધાન્ય આપનાર માણસોને વિવિધતા એટલે જાણે પાપ અને એકતા જાણે સત્ય જણાય છે. વ્યક્તિએ માત્ર એકતાને જ વળગી ન રહેતા વિવિધતાને પણ પ્રાધાન્ય આપવું પડે છે. આલ્ડુસ હક્ઝલીએ એમના 'સાધ્ય સાધન' પુસ્તકમાં યોગ્ય રીતે જ કહ્યું છે કે, "ચાક અને માખણ બંનેમાં કેલ્શિયમ-ચૂનો છે, પણ માખણની જગ્યાએ ચાક ખવાતો નથી." (પંચોળી, મનુભાઈ. ૧૯૮૯/૨૦૦૫. સદ્દભિઃ સંગઃ પૃ.૧૪૪) દર્શકને 'મનુષ્ય અભ્યાસ' કરવો અઘરો જણાય છે. કારણ કે, પ્રત્યેક નવી પરિસ્થિતિમાં વ્યક્તિઓની વર્તનતરેહ બદલાતી રહે છે. વ્યક્તિના માનવવર્તનો ઓળખવા મુશ્કેલ છે. તેથી જ દુનિયાની ભીડમાં માણસ શોધવા નીકળેલા કવિ શ્યામ સાધુને સદંતર નિરાશા સાંપડે છે ;

"પાંચ -સાત તારીખની વચ્ચે અટવાયો છે,
રહેવા દે ફૂલોની વાતો, રઘવાયો છે,

માણસભીંની મહેક નથી પણ અફવાઓ છે,
માણસ-માણસ વચ્ચે માણસ ખોવાયો છે."
(ગોસ્વામી, કિરીટ. ૨૦૧૪. પ્રગતિશીલ શિક્ષણ. પૃ.૨૦)

વિચાર એકમ-૧૩ સ્પષ્ટ કરે છે કે, મોટા માણસોથી ફક્ત સંસારનો ઉગારો થાય છે. જયારે સારા માણસો સુસંસ્કૃત સમાજનું ઘડતર કરે છે. વધારે મોટા માણસ ક્યારેક આફતરૂપ બને છે અને વધારે સારા માણસો સંસાર માટે આશીર્વાદરૂપ છે. મરાઠી કવિ ચંદીદાસ મનુષ્ય સંદર્ભે નોંધે છે કે, "આ જગતમાં માણસથી ચડિયાતું બીજું કોઈ સત્ય ન હોઈ શકે !" (ગોસ્વામી, કિરીટ. ૨૦૧૪. પ્રગતિશીલ શિક્ષણ. પૃ.૨૦) દર્શક માણસને 'પરિવારપ્રિય જીવ' ગણે છે. પરિવાર સાથે જોડાણ ધરાવનાર વ્યક્તિને કુટુંબથી છૂટા પડવાની ઉંમરે રેઢો મૂકવો તે અયોગ્ય છે. તેને બીજો નાનકડો પરિવાર મળવો આવશ્યક છે.

સાચી કેળવણીના પ્રારંભમાં જ કેળવણીના હેતુઓ, ભાવનાઓ અને એના આદર્શો પહેલેથી સ્પષ્ટતાપૂર્વક મૂકાયેલા છે. સાચી કેળવણી એના સાધનોની વિશુદ્ધિમાં રહેલી છે. શુદ્ધ અને નિર્મળ માણસાઈથી ભરેલું જીવન એ ખરી કેળવણીના પરિણામની કસોટી છે. સનાતન કેળવણીના યુગધર્મમાં લોકપ્રિયતા અને સફળતા માટે ટૂંકા રસ્તાઓ અપનાવવા અયોગ્ય છે. તેનાથી શિક્ષણધર્મની ગરિમા હણાય છે. 'સમાજશિક્ષણ' શબ્દાવલી સ્પષ્ટ કરે છે કે, શિક્ષણ એ સમાજનું પ્રતિબિંબ છે. સમાજ પરિવર્તન માટે શિક્ષણની પ્રક્રિયા સાથે સમાજની ગતિવિધિઓનું સમાયોજન સધાવવું અનિવાર્ય છે. તેથી શિક્ષણની દૃષ્ટિ હંમેશા સમાજ પ્રતિ રહેવી વધુ હિતકારક છે. કોઈપણ સમાજની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અપેક્ષાઓ, રીતભાતો, જરૂરિયાતો, પસંદગીઓ પરિવર્તનશીલ હોવાથી શિક્ષણે સમયાંતરે પુનઃ વિચાર કરવાનો હોય છે. દર્શક શિક્ષણના વ્યવહારોમાં 'શુદ્ધતા અને પારદર્શિતા' જાળવી રાખવાનો આગ્રહ રાખે છે. શિક્ષણ વ્યવહારોનું વિકેન્દ્રીકરણ સ્વતંત્રતા, પ્રામાણિકતા, પ્રતિબદ્ધતા તેમજ સ્વાયત્તતાથી થઇ શકે છે. શિક્ષણના સ્વાતંત્ર્ય સંદર્ભે કાકાસાહેબ કાલેલકર નોંધે છે કે, "હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કલાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી; હું ધર્મનું પુનરાગમન છું. મનુષ્યની બુદ્ધિ અને તમામ ઈંદ્રિયોની સ્વામિની છું." (પટેલ, બબાભાઈ.૧૯૮૮/૧૯૯૮.શિક્ષક ઉપનિષદ. પૃ.૦૮)

સંશોધનના તારણો :

મુખ્ય તારણો :

(૧) મનુષ્યઘડતર માટે નાગરિક સ્વાતંત્ર્ય અનિવાર્ય છે.
(૨) વ્યક્તિનું આંતરનિયમન સમાજ પરિવર્તનને બળ આપે છે.
(૩) કેળવણીનું લક્ષ્ય 'પૂર્ણ માનવ' દ્વારા સમાજની નવરચના કરવાનું છે.
(૪) કેળવણી એ સામાજિક અનિષ્ટોનું અમોઘ ઔષધ છે.

વિસ્તૃત તારણો :

(૧) સમાજના ઊર્ધ્વીકરણ માટે વ્યક્તિએ અન્ય પ્રત્યે સમસંવેદનપણું દાખવવાનું છે.
(૨) વ્યક્તિ સ્વાતંત્ર્યથી સમાજ ગતિશીલ બને છે.
(૩) મનુષ્યને પૂર્ણપણે ઓળખવો કઠિન છે.
(૪) વ્યક્તિના નિર્ણયો પરિસ્થિતિજન્ય હોય છે.
(૫) કેળવણીએ હંમેશા સમાજની વ્યથા- કથાઓની ચિંતાઓ સેવવાની છે.
(૬) પરિસ્થિતિજન્ય સંભવિત ઉકેલોના જ્ઞાનને ખરી કેળવણી માને છે.

સંદર્ભ ગ્રંથસૂચિ :

દેસાઇ, કે.જી. ૧૯૯૭(છ. આ.). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

ઉચાટ, ડી. એ. અને અન્ય (સંપા.). ૨૦૦૨. ગુણાત્મક સંશોધન. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દવે, રમેશ.૧૯૯૯ (વર્ધિત આવૃત્તિ). દર્શક અધ્યયનગ્રંથ. અમદાવાદ : દર્શક ફાઉન્ડેશન રંગદ્વાર પ્રકાશન, અક્ષરભારતી ગ્રંથભંડાર.

પટેલ, બબાભાઈ. ૧૯૮૮/૧૯૯૮. શિક્ષક ઉપનિષદ.અમદાવાદ-૧: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

ગોસ્વામી, કિરીટ.૨૦૧૪. માણસ. પ્રગતિશીલ શિક્ષણ.૧૪(૫).અમદાવાદ: યુનિક ઑફસેટ.